ફોજદારી કેસ નંબર 889-18

આંક ........... નું સાંધણ

**ઃ- ઠરાવઃ-**

આ કામના આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુન્હા મુજબનું ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે. જે કામે આરોપી હાજર થતા સદરહું ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનું તથા ગરીબ, કુટુંબ-કબીલા વાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે. અને આરોપી દ્વારા જણાવવામાં આવેલ છે કે, હવે આવી ભુલ નહી થાય, અને ભુલ થી આ બનાવ બનેલ છે, જે અન્વયે રહેમ નજર કરવા અરજ કરેલ છે.

આરોપી દ્વારા સદર કબુલાત સ્વૈચ્છીક કરવામાં આવેલ છે તેમ જણાય આવેલ છે, અને આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાને લેતા હાલના તબક્કે આરોપીને એક વખત સુધરવાની તક આપવી ન્યાયોચીત જણાય આવે છે, જે અન્વયે સદર કામે આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ધ્યાને લેતા તેમજ સદર આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાન લેતા અને આરોપી દ્વારા જણાવવામાં આવતા સંજોગો અન્વયે અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરુ છું.

**ઃ- હુકમઃઃ-**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ **૨૭૯** ના ગુન્હામાં દોષીત ઠરાવી **કોર્ટ ઉઠતા સુધી**ની સજા તથા રૂપીયા **૫૦૦/- (પાંચસો)** નો દંડ, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ બે ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ ૨૫૨ અન્વયે આરોપીને **મોટર વેહીકલ એક્ટની** કલમ **૧૭૭, ૧૮૪** ના ગુન્હામાં દોષીત ઠરાવી રૂપીયા **૧૦૦/- ( સો )** નો દંડ, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ ૨૫૨ અન્વયે આરોપીને **મોટર વેહીકલ એક્ટની** કલમ **૧૩૪(બી)** ના ગુન્હામાં દોષીત ઠરાવી રૂપીયા **૫૦૦/- (પાંચસો)** નો દંડ, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ ૨૫૨ અન્વયે આરોપીને **ભારતીય દંડસંહિતાની** કલમ **૩૩૭** ના ગુન્હામાં દોષીત ઠરાવી રૂપીયા **૫૦૦/- (પાંચસો)** નો દંડ, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ મેજીસ્ટ્રેટ તરીકેની સ્પેસ્યલ સીટીંગમાં વાંચી-સંભળાવી, મારી સહી કરી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

તારીખ.૧૩.૭.૨૦૧૯
મુ. અમદાવાદ.

( અરવિંદ શિવપ્રસાદ પાંડે )
એડિ. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ.
કોર્ટ નંબર.૦૯, કોડ નંબર જી.જે.૦૦૮૫૪.